# યુનાઈટેડ ગ્રીનમાં દર્દીની ચેન ચોરનાર પ્યુન મુંબઈથી પકડાયો

**અમદાવાદના** આધેડને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, ત્યારે ચેન કાઢી લીધી હતી

સુરતઃ અડાજણની યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ગંભીર દર્દીની સારવાર વેળા ગળામાં પહેરેલી 1.12 લાખની સોનાની ચેન ચોરનાર પાટાવાળો મુંબઈથી ઝડપાયો છે.

જહાંગીરપુરામાં સાંઈ પુજન રેસિડેન્સીમાં રહેતા અને રાંદેર-રામનગર ખાતે વી.ટી. ચોક્સી વિદ્યાભવનમાં શિક્ષક તરીકે કામ કરતાં હિરલ નિલેશ પાઠકના અમદાવાદ ખાતે રહેતા બીજા ફૂવા કૌશિક વામનરાવ શુક્લા અને તેમના પત્ની શિલ્પાબેન સીમંત પ્રસંગમાં સુરત આવ્યા હતા. બીજા દિવસે કૌશિકભાઈ બેભાન થઈ જતાં 108માં સારવાર અર્થે યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ઈમરજન્સી વોર્ડમાં તેમનું મોત થયું હતું. ડોક્ટરે કૌશિકભાઈની કિંમતી ચીજવસ્તુ લેવા જણાવતા પરિવારજનો તેમની પાસે ગયા હતા. જ્યાં કૌશિકભાઈએ ગળામાં પહેરેલી અઢી તોલા વજનની 1.12 લાખની સોનાની ચેન ગાયબ જણાઈ હતી. જેથી હિરલ પાઠકે ફરિયાદ નોંધાવતા અડાજણ પોલીસે અજાણ્યા સામે ચોરીનો ગુનો નોંધી હોસ્પિટલના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ આદરી હતી.

પ્રાથમિક તપાસમાં હોસ્પિટલના કોઈ કર્મચારીએ હાથફેરો કર્યો હોય તેવું બહાર આવતા પોલીસે તે દિશામાં તપાસ કેન્દ્રિત કરી હતી અને માહિતીના આધારે હોસ્પિ. ના પટાવાળા કાલિકા ઉર્ફે અજય નિઠુરીપ્રસાદ તિવારી (ઉં.વ. 36, હાલ રહે., શિવાય એપાર્ટમેન્ટ, સત્યનગર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ, મૂળ ઉત્તરપ્રદેશ)ને મુંબઈથી દબોચી લીધો હતો. પૂછપરછ દરમ્યાન તેણે કબૂલાત કરી કે હોસ્પિટલમાં પટાવાળાની નોકરી દરમિયાન તેણે કૌશિકભાઈના ગળામાંથી સોનાની ચેઈન ચોરી લીધી હતી.






(તસવીર : સતીષ જાદવ)

# અધિકારીઓના પાપે લોકોએ 3 દિવસ સુરભી ડેરીનું નકલી પનીર ખાવું પડયું

**શંકાસ્પદ** પનીર મળ્યાના ત્રણ દિવસ બાદ મનપાએ અડાજણ આઉટલેટ સીલ કર્યુ

**મનપાએ** બંધ કરાવેલી ડેરી ફરી ખોલી દેવાઇ હતી, છતાં કોઇ કાર્યવાહી કરાઇ નહીં

સુરતઃ ગઈકાલે અડાજણની સુરભી ડેરીમાં ગંદકી જોવા મળતાં મનપાએ તાત્કાલિક ડેરી બંધ કરાવી હતી. પરંતુ રાત્રિના સમયે ડેરી ફરી શરૂ કરાતા પાલિકાની કામગીરી પર સવાલો ઉઠ્યા હતા. અંતે ગુરુવારે પાલિકાની ટીમે અડાજણ બ્રાન્ચ પર પહોંચી સુરભી ડેરીને સીલ કરી કડક કાર્યવાહી હાથ ધરી હતી.

ભૂતકાળમાં પણ સુરભી ડેરી પર નકલી અને સબસ્ટાન્ડર્ડ પનીર વેચાણના ગંભીર આરોપો લાગ્યા હતા. સુરત એસ.ઓ.જી. અને ફૂડ વિભાગે સોરઠીયા કમ્પાઉન્ડ, આઈએનએસ હોસ્પિટલની પાછળ, ખટોદરા વાડી તેમજ સોમા કાનજીની વાડી ખાતે આવેલી ડેરીમાં દરોડા પાડી 754 કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપ્યો હતો. તપાસ દરમ્યાન માલિકે પનીર નકલી હોવાનું કબૂલ્યું હતું. ત્યારબાદ પણ ડેરી વિરુદ્ધ કોઈ કડક પગલા ન લેવાતા મનપાની કાર્યવાહીની અસરકારકતા પર પ્રશ્નો ઉભા થયા હતા. ગઈકાલે અડાજણ અને યોગી ચોક શાખાઓમાંથી 17 કિલો પનીર અને 4 કિલો ઘીનો જથ્થો સીઝ કરાયા છતાં સુરભી ડેરીના માલિકોએ તંત્રની ઐસીતૈસી કરીને ડેરી ચાલુ જ રાખી હતી. જેને ટકારણે નકલી પનીર મળ્યા બાદ પણ લોકોએ 3 દિવસ સુધી નકલી પનીર ખાવું પડ્યું હતું. તંત્રએ છેક હવે ડેરીને સીલ માર્યું હતું.

## લગ્નનાં 10 વર્ષે પણ સંતાન નહીં થતાં સારોલીના યુવકનો આપઘાત

સુરતઃ મૂળ અમરેલી ધારીના વતની અને હાલમાં સારોલી પોલીસ સ્ટેશન પાસે શ્રીયા એપાર્ટમેન્ટમાં રહેતા 33 વર્ષીય યુવરાજભાઈ ઉર્ફે તખું ભગુભાઈ વાળા ડ્રાઈવિંગનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. યુવરાજભાઈના 10 વર્ષ પહેલા લગ્ન થયા હતા. બે દિવસ પહેલા હરિદ્વારથી સુરત જહાંગીરપુરા નજીક વરીયાવ ગામે માસીના ઘરે આવ્યા હતા. ગુરુવારે સવારે યુવરાજભાઈ તેના માસીને હું તમારા માટે હરિદ્વારથી માળા લઈને આવ્યો છું, તેવું કહી પહેલા માળે ગયા હતા. પરત નહીં આવતા માસા પહેલા માળે યુવરાજભાઈને જોવા માટે ગયા હતા. ત્યારે યુવરાજભાઈ લોખંડની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાધેલી મૃત હાલતમાં મળ્યા હતા. યુવરાજભાઈને સંતાન ન થતાં હોવાથી આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે.

# MLA સંગીતા પાટીલે BLOની મીટિંગ બોલાવી !?, કોંગ્રેસનો આક્ષેપ

**લઘુમતી** સમાજના BLOને મીટિંગમાંથી બાકાત રાખવામાં આવતા ત્રણ કલાક કામગીરી અટક્યાનો પણ આક્ષેપ

સુરતઃ ધારાસભ્ય સંગીતા પાટીલ દ્વારા બીએલઓની ભાજપના બેનર હેઠળ મીટિંગ કરવામાં આવી હોવાના આક્ષેપો સાથે કોંગ્રેસના અસલમય સાયકલવાળા દ્વારા કલેકટર અને મુખ્ય ચૂંટણી અધિકારી ડો. સૌરભ પારધીને રજૂઆત કરી તપાસની માંગણી કરવામાં આવી છે.

સાયકલવાળા દ્વારા કરાયેલી લેખિત રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, આજે સવારે 10થી બપોરે 1 વાગ્યા સુધી પરવત પાટીયાના મહેશ્વરી લકઝરીયા હોલ ખાતે ધારાસભ્ય સંગીતા પાટીલ દ્વારા યોજાયેલી બેઠકમાં માત્ર 149 બુથોના BLOને હાજર રહેવા ફરજીયાત આદેશ કરાયા હતા. જ્યારે લઘુમતી સમાજના BLOને મીટિંગમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા હાલમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા પ્રક્રિયા (SIR) દરમિયાન BLOને તેમના વહીવટી વડા મારફતે આ મીટિંગમાં ફરજીયાત હાજર રહેવા મૌખિક કે લેખિત આદેશ આપવામાં આવ્યો હતો, જેના કારણે BLOની કામગીરી ત્રણ કલાક સુધી અટકી રહી હતી. ધારાસભ્ય દ્વારા યોજાયેલી આ મીટિંગમાં BLO પર રાજકીય દબાણ લાવી મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં ગેરરીતિ થવાની શક્યતા છે.

### BLO પૂરતી તપાસ નહીં કરતા હોવાની ફરિયાદથી આ સંકલન મીટિંગ કરાઈ હતી: MLA સંગીતા પાટીલ

કોંગ્રેસના અસલમ સાયકલવાળા દ્વારા કરાયેલા આક્ષેપો અંગે ધારાસભ્ય સંગીતાબેન પાટીલે જણાવ્યું હતું કે, મારા વિસ્તારમાં બીએલઓ દ્વારા પુરતી તપાસ કરવામાં આવતી નહીં હોવાની ફરિયાદો મને મળી હતી. જો પુરતી તપાસ નહીં થાય તો નામો કેન્સલ થઈ જાય તેમ હોવાથી સોસા.ના પ્રમુખો સાથે સંકલન કરી શકાય તે માટે આ મીટિંગ બોલાવવામાં આવી હતી. વધુને વધુ મતદારોની યોગ્ય રીતે નોંધણી થાય તેમાં સહકાર આપવા માટે આ મીટિંગ બોલાવાય હતી. તેમાં કોઈ જ રાજકીય ઈરાદો નહોતો.

# દારૂમાં પોલીસ દ્વારા ઉદ્યોગપતિ દંપતીના વિશેષ નિવેદનો લેવાયાં

**ઉદ્યોગપતિ** સમીર શાહ દંપતિએ એવું જણાવ્યું હતું કે તેમની પાસે પરમિટ છે તેથી પોલીસે વધુ જાણકારી મેળવી

સુરતઃ અલથાણમાં કે.એસ. અંતરવન રેસ્ટોરન્ટની બહારની બાજુએ દારૂની મહેફિલ પરની કાર્યવાહીમાં ઉદ્યોગપતિ સમીર શાહ, પત્ની તેમજ પુત્રના આલ્કોહોલના ટેસ્ટ પોઝિટિવ આવ્યા બાદ દંપતિ પાસે પરમિટ હોવાથી પોલીસે દંપતિના વિશેષ નિવેદનો લીધા હતા. પોલીસે બંનેના નિવેદનની ખરાઈ કરવા માટે હોટેલ સ્ટાફના પણ નિવેદન લીધા હતા.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ, પોલીસે જે તે સમયે દરોડો પાડીને ઉદ્યોગપતિ સમીર શાહ અને વ્રજ જયેશ શાહ સામે ગુનો નોંધ્યો હતો. બાદમાં પોલીસે સમીર શાહ, તેમના પત્ની હેતલ શાહ તેમજ પુત્ર જૈનમની સામે ગુનો દાખલ કરીને તેમના બ્લડના સેમ્પલ લીધા હતા. સેમ્પલની તપાસમાં દંપતિ તેમજ પુત્ર, ત્રણેયનો આલ્કોહોલનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે, સમીર શાહ અને હેતલ શાહ પાસે દારૂની પરમિટ હતી. જેથી પોલીસે આજે સમીર મહેન્દ્ર શાહ તથા હેતલ સમીર શાહના વિશેષ નિવેદનો લીધા હતા. દંપતિએ જણાવ્યું હતું કે, બનાવના દિવસે પોતાના ઘરથી કે.એસ અંતરવન રેસ્ટોરન્ટ કેબ/ટેક્સી ભાડે કરી આવ્યા હતા. આજે નિવેદન લેતાં તેમણે જણાવ્યું હતું કે, તેઓ પોતાના પુત્ર સાથે ઘરેથી પોતાના મિત્ર યતીન ભક્તાની ફોરવ્હીલ લઈને રેસ્ટોરન્ટ પહોંચ્યા હતા. જે અંગેની ખાત્રી કરવા પોલીસે રસ્તા પરના સી.સી. ટી.વી ફુટેઝ ચેક કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે તેમના કુક, હોટલના વેલે પાર્કિંગ સ્ટાફના નિવેદનો પણ લીધા હતા.

# કોર્પો.ના આશ્રિતોને નોકરી, કર્મચારીના સંતાનોને ધક્કા

**મનપાના** તંત્રવાહકોના બેવડા ધોરણો સામે રોષની લાગણી

**મૃતક** કર્મચારીના પરિવારજનોએ કેન્ડલ માર્ચ કાઢી ડે.કમિ.ને રજૂઆત કરી

સુરત : સુરત મનપામાં કર્મચારીઓના મોતના કેસમાં તેના આશ્રિતોને નોકરિ આપવાનો ઠરાવ છે પરંતુ છેલ્લા 3 વર્ષથી નોકરી આપવામાં આવતી નથી બીજીલ તરફ મનપાના સિટિંગ કોર્પો.નં અવસાન થાય તો તુરંત તેના આશ્રિતોને નોકરી આપી દેવાતી હોવાથી મૃતક કર્મચારીઓના પરિવારજનો દ્વારા સુધરાઈ મંડળને સાથે રાખી મનપા મુખ્ય કચેરીમાં મૃતક કર્મચારીઓની છબી, દીવા, બેનરો સાથે કેન્ડલ માર્ચ કાઢીને ન્યાય આપવા મનપા કમિશનરને રજૂઆત કરાઈ હતી.

તેમણે રજૂઆતમાં જણાવ્યું હતું કે, મૃતક કર્મચારીઓના કુટુંબના આશ્રિતને નોકરી મળેલી ન હોવાને કારણે તેમના પરિવારનું ભરણપોષણ કરવામાં ખૂબ જ મુશ્કેલીઓ પડી રહી છે. આ બાબતે વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરાઈ છે. છતાં કોણ જાણે કેમ? આ કર્મચારીઓને આજદિન સુધી નોકરી આપવામાં આવી નથી અને અધિકારીઓ સરકારી નિયમ બતાવી રહ્યા છે.

બીજી બાજુ થોડા સમય પહેલા અવસાન પામેલા મ્યુ. સભ્યો સ્વ. ગેમરભાઈ દેસાઈના પુત્રને તથા સ્વ. જયેશ જરીવાળાની પુત્રીને ગણતરીના દિવસોમાં મહાનગરપાલિકામાં આશ્રિત તરીકે નોકરી આપવામાં આવી છે. તો એક જ સંસ્થામાં બે જુદા જુદા કાયદા શા માટે? તેવો સવાલ આ પરિવારોએ ઉઠાવ્યો છે. મનપા કમિશનર વતી ડે.કમિશનર સ્વાતિ દેસાઈએ રજૂઆત સાંભળી હતી.

# પોલીસની ખો-ખો રમતમાં રત્નકલાકારનો મૃતદેહ સ્મીમેરમાં છ કલાક રઝળ્યો

**બુધવારની** બપોરે બેભાન થઈ ગયા, સ્મીમેરમાં મૃત જાહેર કરાયા બાદ શરૂ થઈ હદની રમત

**પુણા** પોલીસને વરદી લખાવાઈ, લિંબાયત મોક્લાયા ને કામ છેલ્લે વરાછા પોલીસે કર્યું

સુરતઃ હદની માથાકૂટમાં પોલીસની ખોખોની રમતને કારણે સ્મીમેરમાં રત્નકલાકારનો મૃતદેહ 6 કલાક રઝળ્યો હતો.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બોરડી ગામના વતની અને હાલ પુણાગામ અર્ચના સ્કૂલ પાસેની હરિધામ સોસાયટીમાં રહેતા 33 વર્ષીય ઘનશ્યામભાઈ કરશનભાઈ વાળા રત્નકલાકાર તરીકે કામ કરી પત્ની અને બે પુત્ર સહિતના પરિવારનું ભરણપોષણ કરતા હતા.

ઘનશ્યામભાઈને કમર સહિત શરીરના અલગ-અલગ ભાગમાં દુ:ખાવો થતો હોવાથી લિંબાયતની ખાનગી હોસ્પિટલમાં રિપોર્ટ કરાવ્યા હતા. બુધવારે બપોરે ઘનશ્યામભાઈ રિપોર્ટ લેવા માટે લિંબાયતની હોસ્પિટલમાં ગયા તે દરમિયાન ત્યાં જ એકાએક બેભાન થઈને ઢળી પડ્યા હતા. તેમને સારવાર માટે પૂણાગામની ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. બાદમાં વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘનશ્યામભાઈનું હાર્ટએટેકથી મોત નીપજ્યું હોવાની શક્યતા છે.

સ્મીમેર હોસ્પિટલમાંથી પૂણા પોલીસ સ્ટેશનમાં વરદી અપાતા પુણા પોલીસે હાથ ખંખેરી લિંબાયત પોલીસને ખો આપી હતી. તો લિંબાયત પોલીસે સ્મીમેરમાં મૃત જાહેર કરાયા હોવાથી વરાછા પોલીસને ખો આપી હતી. 6 કલાક બાદ વરાછા પોલીસે પૂણા અને લિંબાયત પોલીસની હદની લડાઈથી કંટાળી પોતે જ વરદી લઈ લીધી હતી. જોકે, પોલીસની આ માથાકૂટમાં રત્નકલાકારનો મૃતદેહ છ કલાક અટવાયો હતો.

### અંતિમસંસ્કાર છેક બીજા દિવસે કરવા પડ્યાં

વરાછા, પૂણા અને લિંબાયત પોલીસે જો માનવતા દાખવી ઝડપથી વરદી લઈ લીધી હોત તો રત્નકલાકારનો મૃતદેહ પરિવારને બપોરે જ સોંપી દેવાયો હોત, પરંતુ પોલીસની આવી આળસની રમતમાં છેક રાત્રે 10 વાગે વરદી લખાઈ હતી અને મૃતકનો અંતિમ સંસ્કાર બીજા દિવસે કરવો પડ્યો હતો.

## ‘તારો ભાઈ સોનુ બોલાવે છે’ કહી કિશોરીને કારમાં બેસાડી છેડછાડ

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં દાદાના મંદિર નજીકની કૃષ્ણા પાર્ક સોસાયટીમાં રહેતા જશવંતસિંહ રાઠોડ અને ભરતસિંહ રાઠોડ નામના બે યુવકે ગતરોજ 17 વર્ષની કિશોરીને જોઈ “તારો ભાઈ સોનુ તને બોલાવી રહ્યો છે” એવું કહીને વાતોમાં ભોળવી કારમાં બેસાડી હતી. જશવંતસિંહે બળજબરીથી અડપલા કર્યા હતા. અને મોબાઈલમાં કિશોરીનું રેકોર્ડિંગ કર્યું હતું. વીડિયોમાં આરોપી કહેતો હતો કે, “આ મારી પાસે મળવા આવી છે, હવે હું આને ફિઝિકલ કરીશ અને વીડિયો બધાને બતાવીશ.” ઘટના દરમિયાન ભરતસિંહ કારની બહાર નજર રાખતો હતો. ગભરાયેલી કિશોરી રડવા લાગી ત્યારે તેને કારમાંથી ઉતારી દીધી અને બહાર નીકળતા પહેલા ધમકી આપી કે “આ વાત કોઈને કહીશ તો તને જાનથી મારી નાંખીશ.” કિશોરીએ ગોડાદરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

### સુરતના ધનિક પરિવારના વિવાદનો મીડિએશન સેન્ટરમાં સુખદ ઉકેલ

# ભલે, મારી દીકરી નથી રહી પણ જમાઈને તકલીફ પડવી જોઈએ નહીં

**દીકરીના** નિધનને પગલે પિતાએ પોતે આપેલી મિલકત પરત લેવા કોર્ટમાં અરજી કરી હતી, પણ મધ્યસ્થીથી જમાઈને સાચવી લીધો

સુરતઃ શહેરના પોશ વિસ્તારમાં વસતા સુખી અને સંપન્ન પરિવારમાં સંપત્તિ બાબતે સસરા અને જમાઈ વચ્ચેના વિવાદનો મીડિએશન સેન્ટરમાં ઉકેલ આવ્યો હતો.

વિગતો પ્રમાણે આ પરિવારમાં જગદીશપ્રસાદને બે દીકરી વૃંદા અને વિશ્વા હતી. બંનેનાં નામે અનેક મિલકતો, કંપનીઓના શેર તથા ફેમસ ક્લબોની મેમ્બરશીપ પણ હતી. વૃંદાનાં લગ્ન સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિ પ્રકાશકુમાર (તમામ પક્ષકારોનાં નામ બદલ્યાં છે) સાથે થયાં હતાં. લગ્ન સમયે સોના-ચાંદી, હીરા ઝવેરાત તથા ઘરવખરીનો સરસામાન આપવામાં આવ્યો હતો. ઉપરાંત ધંધાકીય રીતે મદદરૂપ થવા જગદીશપ્રસાદે જમાઈને મોટી રકમ લોન સ્વરૂપે આપી હતી તથા તાપી નદી કિનારે એક આલીશાન ફ્લેટ પણ રહેવા માટે આપ્યો હતો.

કોરોનાકાળમાં વૃંદાનું અવસાન થતાં જગદીશપ્રસાદ તથા દીકરી વિશ્વાએ વકીલ મારફતે કોર્ટમાં વૃંદાના નામની મિલકતો, શેર સર્ટિ. તથા ક્લબોની મેમ્બરશીપ પોતાના નામે કરાવવા માટે પ્રોબેટ અરજી દાખલ કરી હતી. આ કેસમાં જમાઈ પ્રકાશકુમાર તેમના વકીલ મારફતે હાજર થયા હતા. કોર્ટ દ્વારા કેસને મીડિએશન સેન્ટરમાં મોકલવામાં આવ્યો હતો, જ્યાં મીડિએટર તરીકે એડ્વોકેટ લીના પટેલની નિમણૂક કરવામાં આવી હતી. તેમજ સચિવ ડી.આર.જોષી દ્વારા મીડિએટર આઈ.પી. જોબનપુત્રા (બકુલભાઈ)ને સહાયક મીડિએટર તરીકે જોડવામાં આવ્યા હતા.

જોબનપુત્રાએ બંને પક્ષકારને સમજાવી સમાધાન કરાવ્યું હતું. સમાધાનમાં જગદીશપ્રસાદે ઉદારતા દાખવી જમાઈ પ્રકાશકુમારને ફર્નિચર સહિતનો વૈભવી ફ્લેટ, ક્લબોની મેમ્બરશીપ, લોકરમાં રહેલા દાગીના તથા અગાઉ આપેલી લોન માફ કરી અઢળક રોકડ રકમ પણ આપી હતી. તેમણે પ્રકાશકુમારને મારો દીકરો જ છે કહી ભવિષ્યમાં પણ જરૂરી સહાય આપવાની ખાતરી આપી હતી. મીડિએટર જોબનપુત્રાએ જણાવ્યું હતું કે, જગદીશપ્રસાદની પત્નીની ઈચ્છા હતી કે, ભલે મારી દીકરીનું નિધન થઈ ગયું છે, પરંતુ મારા જમાઈને તકલીફ નહીં પડે તેનું ધ્યાન રાખજો.

# કંપનીમાં ગાડીઓ ભાડે મુકાવવાના બહાને રૂ. ૮૨ લાખની છેતરપિંડી

**ત્રણ** ચીટરે વરાછાના યુવકની બે ફોર્ચ્યુનર કાર બારોબાર વેચી નાંખી

સુરતઃ શહેરમાં ફરી એકવાર વાહન વ્યવસાયને લઈ છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. વરાછા વિસ્તારના યુવક સાથે ત્રણ શખ્સે મલ્ટિનેશનલ કંપનીમાં ગાડીઓ ભાડેથી મુકાવવાની લાલચ આપી બે ફોર્ચ્યુનર કાર લઈ બારોબાર વેચી નાંખી હતી. આશરે ૮૨ લાખ રૂપિયાની છેતરપિંડી બાદ આખરે ભોગ બનનાર યુવકે પોલીસ ફરિયાદ નોંધાવી છે. વરાછા અશ્વનીકુમાર રોડ નજીક ધરમનગર સોસાયટીમાં રહેતા મેહુલભાઈ શામળજીભાઈ સોલંકી ડ્રાઈવિંગનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વર્ષ-૨૦૨૨ દરમિયાન તેમને પવનેશ ઉર્ફે પિન્ટુ ભંવરલાલ સીધવી (રહે.,સહકારનગર એપાર્ટમેન્ટ, નવાગામ, કામરેજ ચાર રસ્તા) નામનો શખ્સ મળ્યો હતો. પિન્ટુએ મેહુલભાઈને વિશ્વાસમાં લઈ જણાવ્યું કે, તે મલ્ટિનેશનલ કંપનીમાં ગાડીઓ ભાડે મુકાવે છે અને તેના માધ્યમથી તેમને સારો ફાયદો થશે.

તેના કહેવા મુજબ મેહુલભાઈએ પોતાની બે ફોર્ચ્યુનર કાર તેને સોંપી હતી. બંને કારની કુલ કિંમત આશરે ૮૨ લાખ રૂપિયા થતી હતી. થોડા સમય બાદ મેહુલભાઈએ ગાડીઓ અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો તો ખબર પડી કે બંને કાર તેમની જાણ વગર અન્ય લોકોના નામે વેચી દેવામાં આવી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, સીધવીની મદદથી આ બંને કાર મનીષ રાઠોડ (રહે., પુષ્પક પ્લેટિનિયમ, આંબલી રોડ, અમદાવાદ) અને અજીત ઉર્ફે ચીંટુ મહેબુબ વ્હોરા (રહે.,શૈફુલ્લાનગર, ઉમરેઠ, જિ.આણંદ)ને વેચી નાંખવામાં આવી હતી. ઠગાઈની જાણ થતાં મેહુલભાઈએ તરત જ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્રણેય શખ્સ સામે વિશ્વાસઘાતના ગુના હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

### ગાડીઓ ભાડે મુકાવવાના નામે ફસાવાયા

વરાછાના મેહુલભાઈ સોલંકીને મલ્ટિનેશનલ કંપનીમાં ગાડી ભાડે મુકાવવાનું પ્રલોભન આપી ત્રણ શખ્સે બે ફોર્ચ્યુનર કાર લઈ બારોબાર વેચી નાંખી હતી. મુખ્ય આરોપી પવનેશ ઉર્ફે પિન્ટુ ભંવરલાલ સીધવીએ ગાડીનો વ્યવહાર હાથ ધર્યો હતો. જ્યારે તેના સાથીદાર મનીષ રાઠોડ (રહે.,અમદાવાદ) અને અજીત વ્હોરા (રહે.,આણંદ)એ ખરીદદારો તરીકે ફોર્ચ્યુનર લઈ લીધી હતી. બાદ કારના દસ્તાવેજોમાં ફેરફાર કરી કાર અન્ય લોકોના નામે વેચી દેવામાં આવી હતી. મેહુલભાઈને આખરે ૮૨ લાખ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### એલ.પી. સવાણી રોડની ન્યૂ શેઠ પીટી હોસ્પિ.માં રવિવારે મફત ચક્ષુ નિદાન કેમ્પ


સુરતઃ જન સેવા એજ પ્રભુ સેવાના સિદ્ધાંતને વરેલી અડાજણ, એલપી સવાણી રોડ પર, મધુવન સર્કલ ખાતે આવેલી ન્યુ શેઠ પી.ટી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં તા. 16મી નવેમ્બરના રોજ સવારે 9-30માંથી બપોરે 1 કલાક દરમિયાન મફત ચક્ષુ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આંખના નિષ્ણાંત ડો. ઉમા મહેતા દ્વારા આંખોની નિ:શુલ્ક તપાસ અને રાહત દરે મોતિયાના ઓપરેશન કરવામાં આવશે. લાભ લેવા માટે હોસ્પિ. ખાતે સંપર્ક કરવા માટે જણાવવામાં આવ્યું છે.

### સરદાર પટેલ ગૌરવ સમિતિ ના.મુખ્યમંત્રી, મેયર, મંત્રીનું આજે સન્માન કરાશે



સુરતઃ ભાવનગર જિલ્લા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, સુરત પ્રેરિત શ્રી સરદાર પટેલ ગૌરવ સમિતિ, સુરત દ્વારા પ્રજા વાત્સલ્ય પ્રતિનિધિ અભિવાદન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સરકારમાં તાજેતરમાં નિયુક્ત થયેલા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા સુરત શહેરના મેયર દક્ષેશભાઈ માવાણીનું હાર્દિક સન્માન કરવામાં આવશે.આ સમારોહનું અધ્યક્ષ સ્થાન કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ સંભાળશે. સુરતના પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓ જેમ કે શૈક્ષણિક, મેડિકલ, ઔદ્યોગિક, બિલ્ડર્સ એસોસિએશન સહિત આશરે 200 જેટલી સંસ્થાઓ આ પ્રસંગે હાજરી આપશે અને યુવા નેતાઓને અભિવાદન કરશે. કાર્યક્રમનો હેતુ સમાજની એકતા, યુવાનોની પ્રેરણા અને રાજ્યના સર્વાંગી વિકાસ માટે નવી ઊર્જા પ્રેરિત કરવાનો છે. આ સમારોહ આવતીકાલે રાત્રે 6 કલાકે સુરતના કતારગામ વિસ્તારમાં પાટીદાર સમાજની વાડી ખાતે યોજાશે.

### રબારી સમાજના ગૌતમ દેસાઈની વોલીબોલ અંડર-19માં પસંદગી



સુરતઃ સ્પોટર્સ ઓથોરિટ ઓફ ગુજરાત અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ વોલીબોલ અંડર ૧૯ રાજ્ય કક્ષાએ માણસા ખાતે યોજાયેલી સ્પર્ધામાં સૌથી નાની વયના ખેલાડી અને રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલના ધોરણ-૧૦ના વિદ્યાર્થી ગૌતમ રમેશકુમાર દેસાઇ (ઉમતા-વિસનગર)ની પસંદગી થતા હવે તે રાજ્યની ટીમમાં રાષ્ટ્રીય કક્ષાએ ગદરવારા નસિંગપુર (મધ્યપ્રદેશ) ખાતે ભાગ લેશે. તેમણે રબારી સમાજનું અને પોસ્ટ ખાતાનું ગૌરવ વધાર્યું છે.

### સુરતમાં ICAI WIRCની મહત્વપૂર્ણ મીટિંગ અને નવા સીએનો સન્માન સમારોહ



સુરતઃ ઇન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) ની વેસ્ટર્ન ઇન્ડિયા રિજનલ કાઉન્સિલ (WIRC) ની મહત્વપૂર્ણ મીટિંગ સુરત શહેરના ડુમસ રોડ સ્થિત ICAI ભવન ખાતે યોજાઈ હતી. મીટિંગમાં તાજેતરમાં સીએ પરીક્ષા પાસ કરનારા આશરે 200 થી વધુ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ પણ યોજાયો હતો. કાર્યક્રમમાં WIRCના ચેરમેન સીએ કેતન સૈયા, સેક્રેટરી સીએ જીનલ સવલા, CCM સીએ જય છૈરા, સુરત શાખાના ચેરમેન સીએ અશ્વિન ભાઉવાલા, વાઇસ ચેરમેન સીએ રાહુલ અગ્રવાલ, સેક્રેટરી પ્રિતેશ શાહ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### સરદાર પટેલની 150મી જન્મજયંતીએ પશ્ચિમ વિધાનસભા વિસ્તારમાં યુનિટી માર્ચ નીકળશે

સુરતઃ રાષ્ટ્રીય એકતા અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ પ્રત્યે શ્રદ્ધાંજલિરૂપે સુરત શહેરમાં પશ્ચિમ વિધાનસભા ભાજપ પરિવાર દ્વારા પદયાત્રાનું આયોજન કરાયું છે. ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે યુનિટી માર્ચ આવતી રવિવાર, તા. 16 નવેમ્બરના રોજ સાંજે 4 વાગ્યે શરૂ થશે. અડાજણ સ્થિત એસએમસી પાર્ટી પ્લોટ, ભુલકા ભવન સ્કૂલની પાછળ, શાક માર્કેટ નજીક પ્રથમ સભા યોજાશે અને ત્યારબાદ આ સભા એકતા પદયાત્રામાં પરિવર્તિત થશે. પદયાત્રા રંગીલા સર્કલ, ગંગેશ્વર મહાદેવ મંદિર, સુરભી ડેરી ચાર રસ્તા, ભૂમિ કોમ્પ્લેક્સ, વૈભવ ડેરી, મશાલ સર્કલ, રિલાયન્સ મોલ, પ્રાઈમ આર્કેડ અને સ્નેહ સંકુલ વાડી ચાર રસ્તા માર્ગે માધવ રેસિડન્સી (જૈન વાડી, આનંદ મહલ રોડ, અડાજણ) ખાતે સમાપ્ત થશે. એકતા યાત્રામાં તમામ હાજર લોકો સફેદ વસ્ત્ર પરિધાન કરી એકતા અને શાંતિનો સંદેશ આપશે.

### મનપાના ટેકનિકલ આસિસ્ટન્ટ શશીકાંત ચૌહાણ નિવૃત્ત થતાં વિદાયમાન અપાયું



સુરતઃ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન મુગલીસરાના ટેકનિકલ આસિસ્ટન્ટ શશીકાંત છબીલભાઈ ચૌહાણ (વરીયાવ) ૩૮ વર્ષની સુદીર્ઘ સેવાઓ પછી તાજેતરમાં નિવૃત્ત થતાં કાર્યપાલક ઈજનેર મૌલિક રાવ, સુભાષ વસાવા, ગુલાબભાઈ ગામીત, ઈજનેર સવાણી, જુ. ઈજનેર અને ટેકનિકલ સ્ટાફ દ્વારા વિદાય સમારંભનું આયોજન કરાયું હતું અને તેમને પુષ્પગુચ્છ, શાલ, પ્રતિક ભેટ આપી સન્માન કરાયું હતું. તેઓ સંત રોહિદાસ બાપુ અને ડો. બાબા સાહેબ જન્મ જયંતિ, વિધવા સહાય, વિદ્યાર્થીઓને નોટબુક અને ક્રિકેટ મેચમાં આર્થિક સહયોગ આપી મદદ કરતા રહ્યા હતા.

### સુરતથી બ્રહ્માકુમારીઝનું ‘100 કરોડ શાંતિદાન મિનિટ’ અભિયાન શરૂ થશે

સુરતઃ બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા વર્ષ-2025ને આધ્યાત્મિક સેવાને “ડાયમંડ જ્યુબિલી વર્ષ” તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. તેના ભાગરૂપે ‘બિલિયન મિનિટ્સ ઓફ પીસ’ નામના વૈશ્વિક અભિયાનની ગુજરાત સ્તરે શરૂઆત સુરતના બાલાજી રોડ સેવા કેન્દ્ર પરથી 24 ઓક્ટોબર, યુએન દિવસથી કરવામાં આવી છે. આ પ્રોજેક્ટનો હેતુ ગુજરાતભરમાં 100 કરોડ શાંતિદાન મિનિટ્સ એકત્ર કરી વિશ્વ શાંતિ પ્રકંપનને વેગ આપવાનો છે. બ્રહ્માકુમારી ફાલ્ગુનીબેને લોકોને રોજના ઓછામાં ઓછા પાંચ મિનિટ “શાંતિદાન” કરવા અપીલ કરી છે. આ અભિયાન 24 ઓક્ટોબરથી શરૂ થઈ 21 ડિસેમ્બર, વર્લ્ડ મેડિટેશન ડે સુધી ચાલશે. સંસ્થાનું જણાવવું છે કે, એકત્ર થયેલી શાંતિની મિનિટ્સનો રિપોર્ટ યુનાઈટેડ નેશન (UN)ને મોકલવામાં આવશે. ફાલ્ગુનીબેને જણાવ્યું કે, “આજના સમયમાં અન્નદાન કે ધનદાન જેટલું જ શાંતિદાન પણ જરૂરી છે.”